ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની યોજનાઓમાં વિદ્યાર્થીઓ/લાભાર્થીઓને સહાય મંજૂર કરવાની સત્તાઓ વિકસતી જાતિ કલ્યાણ ખાતાના જિલ્લા કક્ષાના અધિકારીઓને સોંપવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક: ઇબીસી/૧૦૨૦૧૯/૮૬/અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૪/૦૨/૨૦૧૯

વંચાણમાં લીધુ:-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૫/૦૮/૨૦૧૮નો ઠરાવ ક્રમાંક: ઇબીસી/૧૦૨૦૧૮/૮૧૪/અ૧

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૫/૦૧/૨૦૧૯નો ઠરાવ ક્રમાંક: ઇબીસી/૧૦૨૦૧૮/૮૧૪/અ૧

(૩) મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમનો તા.૧૦/૦૧/૨૦૧૯નો પત્ર ક્રમાંક: બિની/મકમ/૨૦૧૮-૧૯/૧૨૬

## પ્રસ્તાવના:

વંચાણે લીધેલા ક્રમાંક (૧) સામેના વિભાગના તા.૧૫/૦૮/૨૦૧૮ના ઠરાવથી ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની યોજનાઓને મંજૂરી આપવામાં આવેલ છે. વંચાણે લીધેલા ક્રમાંક: (૨) સામેના ઠરાવથી ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ માટેની યોજનાઓની જોગવાઇઓ અને આવક મર્યાદામાં સુધારો કરવામાં આવેલ છે તેમજ નવી યોજનાનો સમાવેશ કરવામાં આવેલ છે. વંચાણે લીધેલા ક્રમાંક:(૩) સામેનાં મેનેજીંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમના તા.૧૦/૦૧/૨૦૧૯ના પત્રથી જણાવ્યા મુજબ ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની યોજનાઓ જેવી કે (૧) ભોજન બીલ સહાય યોજના, (૨) કોચીંગ સહાય યોજના, (૩) જી(JEE), ગુજકેટ(GUJCET), નીટ(NEET) પરીક્ષા માટે કોચીંગ સહાય, (૪) સ્પર્ધાત્મક પરીક્ષા માટે તાલીમ સહાય યોજનાની અરજીઓ નિગમને મોટી સંખ્યામાં મળે છે. ઉક્ત ચાર યોજનાઓની સહાય આપવાના નિર્ણય લેવાની સત્તા હાલ નિગમ પાસે છે જેથી સત્તાના કેન્દ્રીકરણના કારણે અરજીઓના નિકાલમાં વિલંબ થતો હોય છે. આ અરજીઓનો નિકાલ ઝડપથી અને સમયમર્યાદામાં થાય તેમજ વિદ્યાર્થીઓ/લાભાર્થીઓને મુશ્કેલી ન પડે તે બાબતને ધ્યાને રાખતાં ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની ઉક્ત યોજનાઓની અરજીઓ મંજૂર કરવાની સત્તા વિકસતી જાતિ કલ્યાણ

ખાતા હસ્તકના જિલ્લા કક્ષાના અધિકારીઓને સોંપવાની નિગમની દરખાસ્ત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠ રા વ :

૧. પુખ્ત વિચારણાને અંતે ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની **(૧) ભોજન બીલ સહાય યોજના, (૨) કોચીંગ સહાય યોજના, (૩) જી(JEE), ગુજકેટ(GUJCET), નીટ(NEET) પરીક્ષા માટે કોચીંગ સહાય, (૪) સ્પર્ધાત્મક પરીક્ષા માટે તાલીમ સહાય યોજના**ની અરજીઓ મંજૂર કરવાની સત્તા સંબંધિત જિલ્લાના નાયબ નિયામક(વિ.જા.ક.)/ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી(વિ.જા.ક.)ને સોંપવામાં આવે છે..

૨. વિકસતી જાતિ કલ્યાણ ખાતા હસ્તકના જિલ્લા નાયબ નિયામક(વિ.જા.ક.)/ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી(વિ.જા.ક.)એ ઉક્ત યોજનાઓ મંજૂર કરવા માટે વંચાણે લીધેલ ક્રમાંક: (૧) અને ક્રમાંક:(૨)ના ઠરાવની જોગવાઇઓનો ચૂસ્તપણે અમલ કરવાનો રહેશે.

3. ઉક્ત ચાર યોજનાઓની અરજીઓ/દરખાસ્તોના જિલ્લા કક્ષાએ નિર્ણય લેવાની સત્તા સોંપણીના કારણે ઉભી થતી નવી પરિસ્થિતિમાં ઉભી થતી પ્રક્રીયાત્મક મુશ્કેલીઓનું નિવારણ જિલ્લા અધિકારીઓએ ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમના પરામર્શ અને માર્ગદર્શન પ્રમાણે કરવાનું રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની તા.૨૯/૦૧/૨૦૧૯ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.જી.વણઝારા)
અધિક સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
(૧) નિયામકશ્રી,
વિકસતી જાતિ કલ્યાણ ખાતું,
બ્લોક નં.૪/૩, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
(૨) મેનેજીંગ ડિરેક્ટરશ્રી,
ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ,
કર્મયોગી ભવન,
ગાંધીનગર.

**નકલ સવિનય રવાના:-**

- માન.રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજ ભવન, ગાંધીનગર(પત્ર દ્વારા)
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, બ્લોક નં.૧, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રીના અંગત સચિવશ્રી, સા.ન્યા.અને અ.વિ, સચિવાલય, ગાંધીનગર
- સભ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય બિન અનામત વર્ગોનું આયોગ, કર્મયોગી ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી,
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, (સા.ન્યા.અને અધિ.વિ.) સચિવાલય, ગાંધીનગર.
- સર્વે જિલ્લા નાયબ નિયામકશ્રી/જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી, વિકસતી જાતિ કલ્યાણ,(નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ મારફત).
- સેકશન અધિકારીશ્રી,(અ/બજેટ) સા.ન્યા.અને અ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેકશન અધિકારીશ્રી,(કોમ્પ્યુટર સેલ) સા.ન્યા.અને અ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા વિનંતી સહ.
- સિલેકટ ફાઇલ-૨૦૧૯.